## માનનીય મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ

કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપવા તેમ જ કન્યાઓના શૈક્ષિણક વિકાસમાં પડતી મુશ્કેલીઓમાં આર્થિક રીતે મદદરૂપ થવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત માનનીય મુખ્ય મંત્રીશ્રીને મળેલ ભેટ-સોગાદોની હરાજી કરી આવેલ રકમ તેમ જ દાતાઓ દ્વારા મળેલ દાનને નિધિમાં જમા કરાવવામાં આવે છે. આ નિધિમાં આપવામાં આવતા દાનને કરમુક્તિ આપવામાં આવે છે. આ નિધિમાંથી કન્યા શિક્ષણલક્ષી વિવિધ પ્રકારની આર્થિક સહાય આપવામાં આવે છે.

- ધોરણ-૧૧/૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી કન્યાઓ માટે વિના મૂલ્યે કોચિંગ ક્લાસ
- વ્યવસાયિક અભ્યાક્રમોમાં પ્રવેશ મેળવેલ હોય તેવી કન્યાઓને આર્થિક સહાય
- એચ.એસ.સી/એસ.એસ.સી.માં જિલ્લામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર કન્યાઓને પુરસ્કાર
- દરેક જિલ્લામાં કોઈ સંસ્થા કે વ્યક્તિ કન્યા-કેળવણી ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરતી હોય તેને ઉત્તેજન પૂરું પાડવા જિલ્લા દીઠ કેળવણી ગૌરવ પુરસ્કાર

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૨૪૦૯ કન્યાઓને રૂ.૧૬૭ કરોડના પુરસ્કાર / પ્રોત્સાહન આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૨૪૦૯ કન્યાઓને રૂ.૧૬૭ કરોડના પુરસ્કાર / પ્રોત્સાહન આપવામાં આવેલ છે.**

**સંપર્ક : નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર (શિક્ષણ વિભાગ, ગાંધીનગર)**